# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

સામ-દામ-ભેદ કે એન્કૌંટરથી નમાવી દે છે,
ધાર્યું કરાવી સમજુતિનાં ઉંઠાં ભણાવી દે છે,
તનાવી વાતાવરણમાં રહી શકે, નિર્લેપ -
ગલીગૂંચીમાંથી પણ રાજમાર્ગ બનાવી લે છે..
(સપનું જોયા વિના, સાકાર)

## હાઇકુ

શુભેચ્છા સહ,
વર્ષગાંઠ નિમિત્તે -
અભિનંદન..
(ભાવિ વડાપ્રધાનશ્રીને વંદન)

કંટ કેડીએ,
કંડાર્યો, સ્વાશ્રયથી -
સિમેન્ટ રસ્તો..
(કીટલી થી લાલકિલ્લે)

## ચિંતન

**અગ્નિહોત્રં વિના વેદા ન ચ દાનં વિના ક્રિયા ।**
**ન ભાવેન વિના સિદ્ધસ્ત સ્માદ્ ભાવો હિ કારણમ્ ॥**

'અગ્નિહોત્ર વગર વેદોનું અધ્યયન વ્યર્થ છે તો દાન-દક્ષિણા વિના યજ્ઞ-યાગાદિ-કર્મ કાંડનું પણ ફળ કંઇ મળતું નથી. શ્રદ્ધા અને ભક્તિ વિના કરવામાં આવેલું કોઇ પણ કાર્ય સફળ થતું નથી. માણસની પોતાના મનની ભાવના-ઇચ્છા-વૃત્તિ અને તે કાર્ય કરવા માટેનો હેતુ-વિચાર જ બધી સિદ્ધિઓ-સફળતા મેળવવાનું કારણ મનાય છે.'

વેદોનાં અધ્યયની સફળતા હોમ-હવનથી તેનું આચરણ-અમલીકરણ કરવાથી જ પ્રાપ્ત થાય વેદો સિદ્ધાંત છે હોમ હવન-હવન એનું પ્રાયોગિક કાર્ય છે. કોઇ પણ ધાર્મિક ક્રિયા પછી તેને કરાવનાર બ્રાહ્મણ, આચાર્ય, પુરોહિતને તેને સંતોષ થાય એટલી દાન-દક્ષિણા આપવી જોઇએ જો આચાર્ય તુષ્ઠ ન હોય તો કર્મકાંડની કોઇ ક્રિયા ફળ આપતી નથી.

કોઇ પણ કાર્યની સફળતા-આનંદનો આચાર તમારી કામ કરવાની વૃત્તિ-ભાવના પર આધારિત હોય છે. સ્ત્રી વેઠની જેમ રસોઇ કરે તો ખાનારા પણ વેઠની જેમ, જેમ-તેમ જમી લે - રસોઇમાં મસાલા કરતાં તેમાં નાખેલો પ્રેમ-લાગણી-વાત્સલ્ય-ઉત્સાહના મસાલો વધારે સ્વાદિષ્ટ રસોઇ બનાવે છે. 'રસોઇ રાંધીને ફેંકી દીધી છે હવે જેને જયારે ખાવું હોય તો ખાય' આવૃત્તિથી કરેલી રસોઇ બેસ્વાદ જ હોય.

## સુવિચાર

- જે મા-બાપનો થઇ શકતો નથી તે મહાવીર નો પણ થઇ શકે નહીં - **જ્ઞાન સૂત્ર**
- પ્રકૃતિ પાસે માનવની જરૂરિયાત સંતોષવા પર્યાપ્ત છે જ.. પણ માનવના લોભ ને સંતોષવા કંઇ જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પક્ષીઓ પ્રાર્થના નથી કરતાં એમનું મૌન એજ એમની પ્રાર્થના.. પક્ષીઓ કિર્તન નથી કરતા એમનો કલરવ એજ એમનું કિર્તન - **રૂબિન ડેવિડ**
- હે પ્રભુ... મારી આસપાસના સૌ લોકોને હું ખૂબ ચાહું છું કારણ કે તેઓમાં રહેલા તારા અંશને હું પ્રેમ કરૂં છું - **માતાજી**
- માણસ દુ:ખી છે કારણ કે જગત જેવું છે તેવું સ્વીકારવાને બદલે માણસ દોડે છે કોઇ નવા પોતાના અનન્ય જગતના સર્જન માટે - **ભૂપત વડોદરિયા**
- ચાલો બધું ભૂલીને સાગર માણીયે..આંખ સામે જ છે એ ઈશ્વર માણીયે - **રાજેશ વ્યાસ**
- સ્ત્રી હંમેશા એક એવા પુરૂષને ઝંખે છે કે જેના પર તે પોતાનું બધું જ્ઞાન, ઉષ્મા, પ્રેમ અને શક્તિ ન્યોચ્છાવર કરી શકે - **ચંદ્રકાન્ત બક્ષી**

## બોધ કથા

આજના નેતાઓ, સાધુ-સંતો, સેવકો અને સમાજ મુખવટો પહેરેલો છે દંભ-બનાવટ બૂરખા નીચે અંદર કંઇક હોય અને બહારનો દેખાવ જુદો જ હોય, બહારે સંત-બાપુ અને અંદર શયતાન..

એક સરળ-નિખાલસ-સાદગીથી રહેતા સંત હતા. આશ્રમમાં ચાર-પાંચ શિષ્યો પણ હતા. સંત પોતાની ગાદી આસપાસ એક સુંદર નાનો ગોળ અરીસો રાખ્યો હતો. થોડી થોડી વારે ભક્તો-અનુયાયીઓ બેઠા હોય-સંબોધન કરતાં કરતાં પણ બે-ત્રણ વાર અરીસામાં પોતાનો ચહેરો જોઇ લેતા. એમને ટાપટીપનો શોખ નો'તો દિવસમાં ચહેરાં પર માંડ બે-ત્રણ વાર ધોતા પણ અરીસામાં અચૂક જોઇ લેતા..

ભક્તો-અનુયાયીઓમાં આ કુટેવ પણે થોડો ગણગણાટ પણ હતો પણ બીજી કોઇ એબ નો'તી એટલે કોઇ સંતને મોઢે કોઇ કંઇ કહેતું નહીં..

એક શિષ્યએ એકવાર એકાંત જોઇ આ કુટેવ બાબત પૂછી નાખવાની હિંમત કરી.. કહ્યું, 'ગુરૂજી આપને બાહ્ય ટાપટીપનો શોખ નથી છતાં પણ વારંવાર તમે અરીસામાં શા માટે, શું જુઓ છો!?'

ગુરૂજીએ કહ્યું, આ અરીસો જ મારી સાધનાનું અસલ સાધન છે, હું જે બોલું છું, બોધ આપું છું, આચરણ કરૂં છું ત્યારે મારો અંતરાત્મા મને પૂછે છે કે તું જેવો અંદરથી છો એવો જ બહારથી દેખાય છે કે કેમ? માણસ અંદરથી દાનવ હોય અને બહારે દેવ થઇ ફરતા હોય! આ વાતથી સતત સાવધાન રહેવા હું અરીસો જોતો રહું છું!!

Email - sureshchandrabhatt18@gmail.com

# ગણતરથી કુશળ કારીગર બનેલા - અરવિંદ ગંગાજળિયા


## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જેમ કોટ, પેન્ટ અને ટાઇ પહેરેલામાં સારા વ્યક્તિત્વ હોય છે તેમ મેલાં ઘેલાં, સાદા કપડાં પહેરેલામાંય આદરપાત્ર વ્યક્તિત્વ આપણને મળે છે. 'મારા મૃત્યુ પછી આંખ, કીડની, જરૂરિયાતમંદ લોકો ને મળે તેમ દાન કરજો. માનવ કલાકો ન બગડે તે માટે મારી સ્મશાનયાત્રામાં ધ્યાન રાખજો અને પર્યાવરણની રક્ષા અર્થે કામ કરજો' આ શબ્દો આજની યુવા પેઢી માટે અને સમાજ માટે કેટલા ઉમદા અને બોધ પાઠ લેવા જેવો છે. આ શબ્દોનાં ઉદ્ગાતા છે અરવિંદભાઇ.

અરવિંદભાઇ રામજીભાઇ ગંગાજળિયાનું વ્યક્તિત્વ ખરેખર વંદના પાત્ર છે. તેમના માતુશ્રી કાશીબેન અને પિતા રામજીભાઇ રવજીભાઇ ગંગાજળિયા, તેઓ બંને આજે હયાત નથી. છતાં એમનાં વ્યક્તિત્વની સુવાસ લઇને, અરવિંદભાઇએ જીવન ઘડતરના પગરણ માંડ્યા હતા. ૬૦ વર્ષ પહેલાં એ જમાનામાં અરવિંદભાઇના પિતાશ્રી શિક્ષક હતા. માતુશ્રી કાશીબેનમાં પણ ભણતરની કોઠાસૂઝ હતી. તા. ૪-૩-૧૯૪૧ ના રોજ ગોંડલ પાસેના ચાંદલી ગામે જન્મેલા અરવિંદભાઇ ચાંદલીની પ્રાથમિક શાળામાં ૪ ધોરણ સુધી જ ભણ્યા છે. એમનો પરિચય મેળવશું એટલે આપણને ખ્યાલ આવશે કે એમના જીવનનું ગણતર આપણા માટે પ્રરણારૂપ છે. અરવિંદભાનિા પિતા રામજીભાઇ અરવિંદભાઇને બે વર્ષના મૂકીને અવસાન પામ્યા હતા. 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે...' કેવી ફતેહ! મહેનતની ફતેહ. મહેનત કરવામાં તેઓ કયારેય પાછા પડ્યા નથી.

નાનપણથી જ અરવિંદભાઇને તેમના બનેવીએ કારીગરી લાઇનમાં ટ્રેનિંગ આપી છે. તેઓ નાનપણથી જ તરવરિયા. નવું - નવું જાણવું - શીખવું એ સદ્ગુણ એમનામાં છે. અરવિંદભાઇએ બહુ નાની ઉંમરમાં સારડીથી બંદૂક બનાવેલી, નાનપણમાં ઘણાં સમય સુધી સુતારી કામ કર્યું છે. તેઓ માને છે કે, પાયામાં જો સુતારી કામ શીખવામાં આવે તો કુશળ કારીગર બની શકાય છે.



ગૌસેવા કરતા ઘણાં સેવકો તો કયારેક પ્રચાર પ્રસાર અને પ્રસિદ્ધિના મોહમાં પણ પડતા હોય છે જયારે આવા કોઇ મોહ વિના જયાં જયાં ગૌશાળા બનતી હોય, તે અંગેની સેવા હોય તો અરવિંદભાઇ અગ્રેસર હોય.

નાનપણથી જ ઘડાતા - ટીપાતા - ટીપાતા તેમનાં સંઘર્ષોનો સામનો કરવામાં કયારેય પીછેહઠ કરી નથી. માતા-પિતાના આશીર્વાદને તેઓ કયારેક ભૂલ્યા નથી.

૧૯૬૧માં શ્રીમતી મંછાબેન સાથે તેમનાં લગ્ન થયા. અરવિંદભાઇને બે પુત્રો. તેમાં સૌથી મોટા જગદીશભાઇ અને નાના નલિનભાઇ. બંને તેમના કુશળ નેતૃત્વ નીચે ગોંડલ રોડ ઉપર આનંદ એન્જિનીયર્સ હિતે એન્જી. નામની ફેકટરીમાં ત્રણ હજારની કેપેસીટી ધરાવતા હાઇડ્રોલીક ડ્રીલીંગ માત્ર સાતમા વર્ષે કામે લાગી ગયા હતા. તેમના મનમાં એવો જુસ્સો હતો કે, કંઇક બનવું - કંઇક મેળવવું. આવા આદર્શને લઇને તેઓ ૧૯૭૪માં રાજકોટમાં પોતાની કારીગરીના પારખા કરવા આવ્યા. સૌ પ્રથમ તેમણે ઓઇલ એન્જિન રિપેરીંગનો વ્યવસાય શરૂ કર્યો. ઇંગ્લેન્ડ સુધી તેમની રિપેરીંગ કાર્ય પદ્ધતિના વખાણ થયા. ઓઇલ એન્જિન રિપેરીંગના વ્યવસાયમાં હરિફાઇ વધતા ૧૯૭૪માં સરકાર માન્ય જૂનાગઢ કૃષિ યુનિ.માં ખેતીના ઓજારો બનાવ્યા. ત્યાર બાદ મુંબઇ સુધી પ્રખ્યાત સાડી પ્રિન્ટરની ફ્રેમ સાતેક વર્ષ સુધી બનાવી હતી. ડગલું ભર્યું કે ના હઠવું... ના હઠવું. આવી હામ હૈયામાં લઇને તેઓ યુવાનોને દિશા ચિંધે છે...

આજે તોતેર વર્ષની ઉંમરે સતત પ્રગતિશીલ રહેતા. અરવિંદભાઇ ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિમાં પણ ખૂબ જ કાર્ય કરે છે. તેઓ સેવક બનીને નિષ્ઠાપૂર્વક અને નિ:સ્વાર્થ ભાવે કાર્ય કરે છે. રાજકોટમાં પંચનાથ મંદિર પાસે આવેલી મદનમોહન કુંજ હવેલીમાં, ગોંડલની વૃજદર્શન હવેલીમાં અને માણાવદરની હવેલીમાં તન-મન-ધનથી સેવા કરી છે. સ્વભાવે મિલનસાર, હસમુખા, સાદા, સરળ, નિરાભિમાની, પ્રેમાળ અને સ્પષ્ટ વક્તા એવા અરવિંદભાઇ વિવિધ સેવાકીય સંસ્થાઓમાં પણ સેવા આપે છે.

આજના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ફાસ્ટ યુગમાં અંદરની હીર કરતાં બહારની હીરને વધુ પસંદ કરવામાં આવે છે. મુલ્યોનાં ધોવાણ વચ્ચે આજે યુવાન પેઢી વચ્ચે ટકી રહેવું ઘણું જ કઠિન છે. ત્યારે યુવાનો સાથે હસતાં હસતાં હિંમત આપતા - આપતાં રચનાત્મક કાર્યો કરે છે.

શિક્ષણ ઉત્થાન, અધ્યાત્મભાવ, વૈષ્ણવ સેવા હોય, સામાજિક ધાર્મિક ઉત્સવોમાં અરવિંદભાઇ આનંદપૂર્વક મોખરે જ હોય.

ઓછું બોલવું પણ જાજું કામ કરવું, કોઇ પણ સ્થિતિમાં કયારેય પાછું પડવું નહીં. તેઓને કોઇ પ્રત્યે પૂર્વગ્રહ નહીં. બધા પ્રત્યે ભારોભાર લાગણી.

રાજકોટના ગોંડલ રોડ જકાતનાકા પાસે બાલાજી ઇન્ડ. પાર્ક આવેલો છે. તેમાં પોતે લીધેલી જમીન સમાજને ઉપયોગમાં આવે એથી વિશેષ રૂડું બીજું શું હોઇ શકે? એવા વિચારથી પડદા પાછળ રહી અરવિંદભાઇએ ગો.વા. માતા કાશીબેન રામજીભાઇ ગંદાજળિયાના સ્મરણાર્થે સમાજને વિશાળ જગ્યા ભેટ ધરી! આ જગ્યા ઉપર ગુર્જર સુતાર પ્રગતિ મંડળ નામે વાડીનું નિર્માણ થયું. તા ૨૧-૦૫-૨૦૧૦માં શિલાન્યાસ થયેલો અને બેજ વર્ષમાં વાડી સમાજમાં સામાજિક, શૈક્ષણિક અને રચનાત્મક પ્રસંગો માટે કાર્યરત થઇ ગઇ. અરવિંદભાઇએ માત્ર ધનથી નહીં પણ તન, મનથી દાન આપ્યું છે અને આજેય આપી રહ્યાં છે.

જાતે ઘસાઇને સમાજને ઉજળા કરી તો જુઓ? પણ લંકામાં વિભિષણ કેમ રહ્યાં હશે? નિંદા, અપમાનને ગળે ઉતારી જનારા અરવિંદભાઇ ખરા અર્થમાં સોનું છે! કસોટી તો સોનાની જ થાય ને? તેમની ઇચ્છા કે હવે વિશાળ જગ્યા લઇ શહેરથી દૂર ગૌશાળા બનાવવી. ગાયોની સેવા કરવી. વૃક્ષો વાવવા તેનું જતન કરવું. સુંદર ઉધાન બનાવવો પરિવારજનો, બાળકો અને મહેમાનો ઉધાનમાં આવે સ્વૈરવિહાર કરે, ભોજન કરે છે, આનંદ માણે, આપણે અરવિંદભાઇની ઉમદા લાગણી માટે શુભકામના પાઠવીએ.

સુખ - વૈભવ વધુ, પણ પરિશ્રણ ઓછો કરવામાં માનતા આજના યુવાનોએ અરવિંદભાઇના વ્યક્તિત્વમાંથી ધડો લેવાની જરૂર છે કે, સખત મહેતન કર્યા વિના આગળ ન વધાય. મગજની મહેનત જરૂરી છે. પણ પરિશ્રણ કરવાથી શરીર સ્વાસ્થ્ય સારૂં રહે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવતને સાર્થક કરીએ તેમ તેઓ માને છે.

અરવિંદભાઇનો પરિચય મેળવતાં ઘણું જ જાણવાનું અને શીખવાનું મળ્યું છે. ખરા ભાવથી દાન આપ્યું હોય, તો આપણે દેહ પવિત્ર અને તંદુરસ્ત રહે છે. તેમના મો. નં. છે : ૯૪૨૮૨૨૬૪૭૭.

# દિવસ બપોરે પહોંચ્યા પછી થંભી ગયો છે...

## વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

કોઇકવાર એકાંતની ભોરે ઉત્કંઠા જાગી ઉઠે છે. એવું એકાન્ત જેમાં આપણું પોતાનું "હોવાપણું" પણ ખલેલ ન પહોંચાડે... આપણી અંતર્મુખ થવાની વૃત્તિ એકાન્ત ઝંખે છે.

જયારે કશુંક ચિત્તમાં આકાર ધારણ કરવા માંડે છે ત્યારે આપણે તેમાં જ ઓતપ્રોત થઇ ઊઠીએ છીએ.

રિલ્કે એ કહ્યું છે કે - "એકાન્ત હોય એ તો, સારૂં, કારણ કે એકાન્ત જીરવવું અઘરૂં હોય છે." પીડા અને દુ:ખનું ઘોડાપુર આવી જાય ત્યારે ઉપરોક્ત સ્થિતિમાં સરી પડાય છે...

પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ વિશે કોઇ દિવસ શાંતિથી વિચાર કરજો, આપણને જણાશે કે કૃષ્ણ જેવી એકલતા કદાચ કોઇની નહોતી... જે અપવાદ જે દુ:ખ કૃષ્ણએ હસી હસીને અનુભવ્યું છે, કદાચ તે શક્તિને કારણે પણ તેઓ પૂર્ણપુરૂષોત્તમ કહેવાયા.

રાધા અને ગોકુળ છોડીને નંદ અને યશોદાને ત્યજીને કર્તવ્ય પથ પર મથુરા ચાલ્યા જવું; બધા માટે ભલે કૃષ્ણ "લીલાધર" હોય પરંતુ સ્વયં માટે તો કૃષ્ણ "પીડાધર" જ હતા...

જન્મ સાથે સગી જનેતાથી વિખૂટા પડીને અજાણ્યા પ્રદેશમાં પહોંચી જવું, ત્યાર પછી એ જ માતાપિતા અને સ્નેહાળ લોકોને છોડીને કપટી અને દુરાચારી લોકો વચ્ચે જઇને વસવું, એ કાંઇ જેવી તેવી વાત છે!

રાધા અને નંદ-યશોદાનો નિર્મળ પ્રેમ તેમને આખી જીંદગી બીજા કોઇ પાસેથી ન મળ્યો... કૃષ્ણ જેવી એકલતાની મૂર્તિ સમી બીજું કોઇ ન હતું...

પ્રભાસ પાટણ પાસે આ જ અવસાદ આ જ વિષાદથી ઘેરાયેલા કૃષ્ણ એકલતા અને એકાન્તની પાતળી ભેદરેખા હવે તેઓ કદાચ શાંતિથી જોવા માંગતા હતા. સરસ્વતીના નિર્મળ જળની સરવાણી વચ્ચે શ્રીકૃષ્ણ પગ ચડાવીને એકાન્ત ઝંખતા હતા, ત્યારે જ તેમનાં એકાન્તને ચીરતું પારધીનું બાણ તેમને ખૂપી ગયુ; કદાચ આ જ કારમે ત્યાર પછી સરસ્વતી નદી પણ પૃથ્વીના પેટાળમાં વહેવા લાગી છે.

એકાંત ખરેખર તો સ્વયં સાથે સંવાદ કરવાનું સાધન છે.

જીવન મેં દોનો આતે હૈ,
મિટ્ટી કે પલ સોને કે ક્ષણ,
જીવન સે દોનો જાતે હૈ,
પાને કે પલ, ખોને કે ક્ષણ,
હમ જિસ ક્ષણ મેં જો કરતે હૈ,
હમ બાધ્ય વહીં હૈ કરતે હૈ,
હંસને કા ક્ષણ પાકર હંસતે હૈ
રોતે હૈ પા રોને કે ક્ષણ

વાસ્તવમાં મનુષ્ય જયારે સ્વસ્થ, અને સંતુષ્ટ હોય ત્યારે અને કોઇ પીડા ન હોય, ત્યારે માણસને દર્શન સુઝે છે...

જીવનમાં એક કાળ એવો આવે છે, જયારે પડછાયો પણ આપણાથી વેગળો ચાલે છે, મિત્ર અને મિત્રતા બંને જયારે ઝૂંટવાઇ જાય ત્યારે... ત્યારે પરાણે એકલતા સાથે ભાઇબંધી કરવી પડે છે...

પાર્ટી અને દરબારો ડાયરાઓ વચ્ચે રહેવા છતાં આપણે એકલા છીએ...

શુદ્ધ અને સાત્ત્વિક એકાન્તને આજના વાતાવરણમાં શક્ય છે ખરૂં?

કેટલીકવાર તો આવા એકાન્તમાંથી આપણને ઘણા પ્રશ્નોના ઉત્તર આપોઆપ મળી જાય છે...

દિવસ જાણે બપોર સુધી પહોંચ્યા પછી એકાએક થંભી ગયો હોય તેવો ઠહરાવ જિંદગીમાં આવી જાય છે, શબ્દો તો ઘણાં છે પણ કોઇ યોગ્ય લાગતા નથી...

શબ્દોને પથ્થર બનાવીને જગત પર ફેંકે રાખવા તેના કરતા તો મનમાં ભંડારી દેવા વધુ યોગ્ય છે.

હૃદયમાં જે અવિરત ચાલ્યા જ કરે છે તેની અસહ્યતાનો ભાર ન ઝીળી શકવાને કારણે પણ જો તેને અભિવ્યક્ત કરવા જાય તો સાવ પાસેનાં વ્યક્તિ પણ એમાં વિશ્વાસ મૂકતા નથી... આથી ધીમે ધીમે વાણીમાંથી પીછેહઠ કરીને મૌનની શિલા નીચે જીવતે જીવત ધરબાઇ જવા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી...

આ વિષમ સામાજિક પરિસ્થિતિઓમાં, અભદ્રતાની હદ વટાવી જતા રાજકારણીઓની બિભત્સ વાતોથી, કૌભાંડોથી દાંત કચકચાવીને નિરાશાની વાતો કરવાનું ઝનૂન ચડે છે...

એકાન્ત સજીવન કરે છે જયારે એકલતા મારી નાખે છે... મનમાં વિચારોની ધમાચકડી ચાલે છે... હું હજી તાજી ફુટેલ કૂંપળનું આશ્વાસન લેવા મથું છું. "સબ સલામત" ના નારા લગાવવા ઇચ્છું છું...

જાણું છું કે આ બધી હત્યા, આ હિંસા ભ્રષ્ટાચાર, અત્યાચાર - બધું જ આપણને કોઠે પડી ગયું છે... આપણી સહનશીલતા અને ક્ષમાશીલતાની તો હદ નથી... ગમે તેવા રાજનેતાને સહી લેવાની શરમજનક સહનશીલતા સાથે આપણે મૂંગા બેઠા છીએ... આ ક્ષમાશીલતા વધુ ને વધુ ગહન એકલતામાં સરકી જવામાં સહાયરૂપ થઇ પડે છે.

એકલતામાં વિચારો અસ્પષ્ટતાથી અને મિશ્રિત આવે છે... જયારે આપણને કોઇ મૂંગા બનાવી દે છે ત્યારે જે મૌન છે તે ખરેખર પશુની અબોલતા કહેવાય... ભાવશૂન્ય, લાગણીશૂન્ય, ચિત્તશૂન્ય અવસ્થામાં પહોંચાડવા માટે આજના યુગમાં પર્યાપ્ત સાધનો મળી રહે છે.

સમય એવો છે કે, પોતાના સગા અને સ્નેહીજનો માટે આપણી પાસે સમય નથી તો પોતાની જાત માટે કયાંથી કાઢીએ! દરેક વ્યક્તિ ભર ટોળામાં પોતાનું એકાન્ત લઇને ચાલતો હોય છે, એકલતા સાથે બાખડ્યો હોય છે... એકલા હોવું, એકલા પડી જવું, એકલા પાડી દેવામાં આવવું, આ બધામાં ફરક છે...

# કયારેય 'અલવિદા'ના કહેશો

## મૈત્રી બંને પક્ષ તરફથી નિભાવવી જોઈએ, ત્યારે જ તે લાંબો સમય ચાલે છે, એની શરૂઆત તમે જ કરો અને તમારા અહંને ભૂલી જાઓ


## પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર

સાચી દોસ્તી, મિત્રતા, ફ્રેન્ડશિપ જેમની પાસે છે, તે વ્યક્તિ મોટી ભાગ્યશાળી છે, કારણ વ્યક્તિને દુનિયામાં લોકો તો ઘણા મળે છે. પરંતુ એમાં સાચા દોસ્ત નથી મળતા જે સુખ અને દુ:ખમાં સરખા ભાગીદાર હોય, જેમની સાથે આપ કલાકો વિતાવી શકો, જે મુશ્કેલી પડતાં કામમાં આવે અને તમારા માટે પોતાના જાનની બાજી પણ લગાવી દેવામાં પાછી પાની ના કરે.

પરંતુ વધતા આધુનિકપણાએ દોસ્તીની પદ્ધતિ જ બદલી નાંખી છે. હવે તો જરૂર પડે ત્યારે જ દોસ્તી કરવામાં આવે છે. મુશ્કેલીમાં ઘેરાયેલા લોકો માટે કોઈ મિત્ર નથી.

એમ.એ.ના બીજા વર્ષમાં ભણતી ઈતિહાસની વિદ્યાર્થીની રીમા કહે છે: શાની દોસ્તી? કેવી દોસ્તી? આજના યુગમાં તો બધાં મતલબી છે. એમ.એ.ના આ બીજા વર્ષમાં જ મારી કોલેજની મારી ખાસ બહેનપણી મારાથી અલગ થઈ ગઈ છે. જો કે અમારામાંથી કેટલાંય આ યુનિવર્સિટીમાં છે, પણ વિષય એક ના હોવાથી ના અમે મળી શકીએ છીએ કે ના ફોન કે પત્ર દ્વારા પણ એકબીજાનો સંપર્ક કરી શકીએ છીએ.



આ જ જાતની ફરિયાદ પારૂલ જાનીની પણ છે. તે એમ.એ. પાસ થઈ ગઈ છે. અને ઘરની નજદીકની સ્કુલમાં જ શિક્ષિકા છે. તે કહે છે કે અમારી એમ.એ. પાર્ટ ટૂની પરીક્ષા થવાની હતી, ત્યારે અમે અમારાં બધાં દોસ્તોનાં ફોન નંબર અને સરનામાંની એકબીજાને આપ-લે કરી હતી અને એકબીજાને વચન પણ આપ્યું હતું કે અમે એકબીજાના સંપર્કમાં રહીશું. પરંતુ એક વર્ષ પછીની જ વાત છે કે હું ફક્ત બે મિત્રોને જ મળી શકું છું. બીજી તરફ એમ.એસસી કર્યા પછી અમદાવાદ કોઈ પ્રોજેક્ટ પર 'રીસર્ચ ફેલો' તરીકે કામ કરતા અમિત શાહનું કહેવું છે કે હું તો જ્યારે પણ રાજકોટ આવું છું, ત્યારે મારા મિત્રોને મળું છું અને હવે તો ઈન્ટરનેટ જેવાં માધ્યમોએ દુનિયાને સાવ નાની બનાવી દીધી છે. હું મારા બધા મિત્રોને ઈન્ટરનેટ દ્વારા ઈ-મેલ કરતો રહું છું. એટલું સારું છે કે મારા બધા મિત્રોને પોતાનું ઈ-મેલનું સરનામું છે, એટલે મારે મારા મિત્રોનો સંપર્ક કરવા માટે કોઈ મુશ્કેલી પડતી નથી.

પરદેશમાં જઈને એમ.બી.એ. કરતી સીમાનું તો કહેવું છે કે મેં તો નક્કી જ કર્યું છે કે દર મહિને મારા મિત્રોને ફોન કરીશ જ. તે થશે તો મહિનામાં એક જ વાર, પરંતુ એથી મારો સંપર્ક તો બધાં સાથે રહેશે.

આ બધાં કંઈક વ્યક્તિગત વિચારો છે... જે આજથી યુવાન પેઢીના મૈત્રી માટેના વિચારો છે. પરંતુ મૈત્રી ફક્ત કરવાની જ વાત નથી, એને નિભાવવી એ એટલું સહેલું નથી. મિત્રોની સંખ્યા વધારવાથી પણ કામ નહીં ચાલે.

કેટલા મિત્રો તમારા સાચા મિત્રો છે કે તમે તમારા મિત્ર માટે સાચા મિત્ર પુરવાર થઈ શકો છો, એ જાણવું પણ જરૂરી છે, મૈત્રી બંને પક્ષ તરફથી નિભાવવી જોઈએ. ત્યારે જ તે લાંબો સમય ચાલે છે. એની શરૂઆત તમે જ કરો અને તમારા અહંને ભૂલી જાઓ.

મૈત્રીને આડે આવતું કંઈ હોય તો તે છે અહં કે 'ઈગો'. મૈત્રીમાં અહંનું કોઈ સ્થાન નથી. માની લો કે તમારો મિત્ર તમને મળતો નથી કે તમને ફોન કરી શકતો નથી. તો તમે એના ફોનની રાહ ના જોશો. પરંતુ તમે એને પહેલાં ફોન કરી એના ઘરે જઈ એને મળો અને ના મળી શકવાનું કારણ જાણો. યાદ રાખો, એટલું કરવાથી ના તે ખુશ થશે કે તમે એનો કેટલો ખ્યાલ રાખો છો, પરંતુ હવે તે ધ્યાન રાખશે કે વધુ દિવસો સુધી સંપર્ક ના થવાથી તમે ચિંતાતુર બની જાઓ છો, એટલે તે તમારો સંપર્કમાં રહેશે. હંમેશા એ પ્રયત્ન કરો કે તમારા મઇત્રોનો જન્મદિવસ તમને યાદ હોય અને જો યાદ ના રહે તો તમે તમારી ડાયરીમાં એ નોંધી લો. અને એ દર અઠવાડિયે જોવાની ટેવ રાખો. જેથી અઠવાડિયામાં આવતા જન્મદિન કે પછી કોઈ ખાસ દિન તમારી નજર બહાર ના જાય. એ દિવસે તમે તમારા મિત્રને જરૂર શુભેચ્છા પાઠવતો પત્ર લખો કે કોઈ સરસ ભેટ આપો, જેથી એને એનો જન્મદિવસ મહત્વનો લાગશે અને એ દિવસનો આનંદ એ માણી શકશે.

જો તમારાં અને તમારા મિત્રનાં રસ-રુચિ એકસરખાં હોય તો એને સાથે સાથે માણો. અને આગળ વધારો. માની લો કે તમારો અને તમારા મિત્રનો રસ કમ્પ્યુટરમાં છે, તો તમે બંને એક જ કમ્પ્યુટર-કેન્દ્રમાં જઈને શીખી શકો છો. એકબીજાનો સાથ હોવાથી ના ફક્ત તમે અનુકૂળતા અનુભવશો, પરંતુ એકબીજા સાથે ચર્ચાવિચારણાથી તમારી મુશ્કેલીઓ પણ હલ થશે. સંયુક્ત અભ્યાસથી પણ ઘણી મદદ મળે છે.

મિત્રોને મળવાનો કઇ એક દિવસ નક્કી કરો. તે અઠવાડિયાનો, મહિનાનો એક દિવસ હોઇ શકે. એથી તમે જાણી શકશો કે તમારા મિત્રો શું કરી રહ્યાં છે અને ભવિષ્યમાં શું કરવાના છે.

તમારા જીવનની કોઇ પણ મહત્ત્વપૂર્ણ ઘટનામાં એમને જરૂર સામેલ કરો. નોકરી મળતાં લગ્ન વખતે, જન્મદિન સમયે કે આવા જ કોઇ પ્રસંગે તમે જરૂર એમને નિમંત્રણ આપજો. જૂના મિત્રોને મળી તમે તમારાં તોફાનો, તમારા સંસ્મરણો યાદ કરી શકશો. કોઇ ત્રીજી વ્યક્તિની વાતોમાં ના આવશો. પછી જુઓ કેવો આનંદ આવે છે. આની સુગંધ તમારા અંતરને તાજગીથી ભરી દેશે. તમારા મિત્રે તમને જો કોઇ મહત્ત્વનું કામ સોંપેલું હોય તો એને જવાબદારી સમજીને કરો. એમાં નફો કે નુકશાનનો કોઇ સ્વાર્થ આડે ના આવવો જોઇએ. મૈત્રીનું નામ આપવું છે, લેવું નહીં જો બંને પક્ષો ના નિયમ સ્વીકારી લે તો પછી કોઇ તાકાત નથી જે આપની મૈત્રીને તોડી શકે. મૈત્રીને ટકાવવી એ પણ એક કલા છે અને એનો આનંદ માણવો એ એનાથી પણ મોટી કલા છે. એટલે જો તમે સાચા મિત્ર હો અને તમારી મૈત્રી જાળવવા માગતા હો તો તમારા અહંને પી જાઓ અને મસ્તીથી ગાઓ :

"કયારેય 'અલવિદા' ના કહેશો."